ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૪ ટકા

# વાવોલમાં કોરોનાએ પગ પેસારો કરતાં સોસાયટી વિસ્તારમાં હડકંપ

## સિદ્ધાર્થ બંગલોઝના ૫૮ મકાનોના રહીશોને હોમ કોરોન્ટાઇન કરાયાં : વાવોલની અન્ય સોસાયટીના રહીશો વધુ સતર્ક બન્યા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના વાવોલ ખાતે કાળમુખા કોરોનાએ પગપેસારો કરતા એક આશાસ્પદ યુવાનને તેની ઝપેટમાં લઈ લીધો સિદ્ધાર્થ બંગલોઝ સોસાયટીમાં રહેતા આ યુવાનને કારોના પોઝિટિવ રિપોર્ટ આવતા જ સમગ્ર વાવોલ ગામ તથા સોસાયટી વિસ્તારમાં હડકંપ મચી જવા પામ્યો હતો. વાવોલ વિસ્તારમાં વિકસિત પામેલી સોસાયટીઓના સભ્યો અને હોદ્દેદારો જાણે સફાળા જાગ્યા હતા અને હવે પોતાની સોસાયટીમાં પણ કોરોના સંક્રમણ લાગુ ના પડે તે માટે તાત્કાલિક તકેદારીના પગલાં ભરવાના શરૂ કરી દીધા છે અને જે અંતર્ગત સોસાયટીમાંથતી આવન જાવન પર ચાંપતી નજર સાથે નિયંત્રણ રાખવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

વાવોલના સિદ્ધાર્થ બંગ્લોઝમાં કુલ ૫૮ મકાન છે. આ સોસાયટીમાં પોઝિટિવ કેસ આવતા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર સોસાયટીને કોરોન્ટાઇન કરવામાં આવી છે જે અંતર્ગત આજે સવારે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પીઆઇ જે. એચ. સિંધવે રૂબરૂ મુલાકાત લઈ સોસાયટીને વાવોલ પોલીસ ચોકીના પીએસઆઈ એ.એમ. ચૌધરી સહિત ટીમનો સજ્જડ ચોકી પહેરો બેસાડી દેવામાં આવ્યો છે. પોલીસ દ્વારા સોસાયટીના તમામ રહીશોને તેમના પોતાના ઘરમાં જ રહેવા માટે કડક સૂચના આપી દેવામાં આવી છે તેમજ કોઈ પણ જરૂરિયાત અંગે સોસાયટીના દરવાજે તૈનાત પોલીસનો સંપર્ક સાધવા જણાવાયું છે. બીજી તરફ વાવોલ ગામ તથા વાવોલની નવ વિકસિત સોસાયટીઓમાં પણ આ કેસને પગલે ફફડાટની સ્થિતિ જોવા મળી રહી છે. સમગ્ર વાવોલમાં આજે સવારે જ આ વાત વાયુ વેગે પ્રસરી જતાં દિવસભર ચર્ચાનો મુખ્ય મુદ્દો બની હતી. હજુ ત્રણેક દિવસ પહેલાં જ વાવોલ ગ્રામ પંચાયત દ્વારા વાવોલ ગામમાં કોળાના સંક્રમણને પ્રવેશ ના મળે તે હેતુથી ગામમાં દુકાનો ખુલ્લી રાખવાનો સમય પણ મર્યાદિત કરી દેવામાં આવ્યો હતો તેમ જ શાકભાજી વિતરણ માટે પણ કડક નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વાવોલ ગામમાં ગામની બહારના વિસ્તારમાં અંદાજે ૩૫થી વધુ સોસાયટીઓ વિકસી છે જેમાં ફ્લેટ, એપાર્ટમેન્ટ, ડુપ્લેક્સ, ટેનામેન્ટ અને બંગ્લોઝ નો સમાવેશ થાય છે. આ તમામ સોસાયટીઓમાં હવે સતર્કતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

### આજે યુવાનનો જન્મદિન હતો




વાવોલના સિદ્ધાર્થ બંગ્લોઝમાં જે યુવાનને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે તે યુવાનનો આજે જન્મદિવસ હતો. પોતાના જન્મદિવસની આગલી સાંજે જ તેને કોરોના પોઝિટિવ હોવાની જાણ થઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આ યુવાન નવા સચિવાલય ખાતે ફરજ બજાવતો હતો જ્યાં થર્મો સ્કેન દ્વારા તેનું ટેમ્પરેચર હાઈ જણાતાં તેને કારોના ટેસ્ટ કરાવવાની સલાહ આપવામાં આવી હતી. યુવાનના ઘરમાં તેના માતા પિતા ઉપરાંત બે ભાઈઓ અને એક ભાભી સહિત બીજા પાંચ વ્યક્તિઓને પણ હોમ કોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છે.



ઉનાળો ધીમે ધીમે આકરો બની રહ્યો છે. આકાશમાંથી અગનગોળ વરસી રહ્યા છે. જેના કારણે અસહ્ય ગરમી વધી છે. આવા સમયે શહેરના વનવિસ્તારમાં આગ લાગવાના બનાવો વધ્યા છે. ઘ-૨ સર્કલ પાસે આવેલી ઝાડીમાં આગ લાગતા તેનો ફેલાવો ખૂબ વધ્યો હતો. પવનની ગતિ વધુ રહેતા આગ ઝડપથી પ્રસરી હતી.

## બે ગુટખાના વેપારી સહિત ૫૮ નાગરીકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર શહેરી અને ગ્રામીણ વિસ્તારમાંથી લોકડાઉન વચ્ચે પણ બિન જરૂરી આંટાફેરા મારતા બે ગુટખાના વેપારી સહિત ૫૮ નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ચિલોડા પોલીસે આલમપુર ગામમાં પ્રજ્ઞેશ કિરાણા સ્ટોર્સ નામની દુકાનમાંથી ગુટખાનુ વેચાણ કરતા માતુલ રણછોડભાઈ પટેલને પકડીને રૂ.૧૦.૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે સાદરા ગામે બજારમાં રેડીમેટ કપડાની દુકાન ખુલ્લી રાખનાર નૌતમભાઈ અરવિંદભાઈ મોદી સામે કાર્યવાહી કરી હતી. જયારે અડાલજ પોલીસે વડવાળી ચાલી ખાતે ગુટખાનું વેચાણ કરતા કાળાજી કાલીજી ઠાકોરના ઘરેથી રૂ.૧૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી હતી. આ ઉપરાંત ચિલોડા સર્કલ, સેક્ટર-૨૦ સેક્ટર-૨૫ અને સે-૨૧ ખાતે માસ્ક વિના શાકભાજી વેચાણ કરતા વેપારી સામે પોલીસે લાલ આંખ કરી છે. જયારે પોલીસે લોકડાઉનમાં પણ બિનજરુરી આંટાફેરા મારતા સેકટર-૨માંથી ૪, સે-૪ માંથી ૨, સે-૫ માંથી ૩, સે-૨૫ માંથી ૧, છ-૫ સર્કલ પાસેથી ૨, સે-૨૨ થી ૧, સે-૨૧ થી ૧, સે-૨૬ થી ૧, સે-૨૪ થી ૫, સે-૨૮ થી ૨, સે-૨૬ થી ૧, સે-૧૩ થી ૩, રાંધેજા થી ૧, રૂપાલથી ૧, કુડાસણ સરદાર ચોકથી ૨, નભોઈથી ૨, રાયસણથી ૨, ઈન્દ્રોડા ગામથી ૧, ડભોડાથી ૨, કરાઈથી ૨, શાહપુરથી ૧, વડોદરાથી ૪, ઈસનપુર મોટાથી ૨, શેરથા કટ થી ૧, અડાલજ થી ૧, શખ્સને પકડી પાડ્યો હતો અને તમામ સામે જાહેરનામા ભંગની ફરીયાદ નોંધી વધુ તપાસ શરુ કરી છે.



હાલમાં કપરો સમય ચાલી રહ્યો છે. લૉકડાઉનના સમયમાં વેપાર વાણિજયની તમામ પ્રવૃત્તિઓ બંધ હોવાથી મજૂર વર્ગને તકલીફ પડી રહી છે. શોપીંગ સેન્ટર પાસે ઉભી રહી ભીખ માંગતી આ નાનકડી બાળકી આવતા જતા તમામનું ધ્યાન ખેંચી રહી છે.

## ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ પ્લેયર્સ એસોસિયેશને જરૂરીયાતમંદો માટે દાન આપ્યું




કોરોના વાયરસ સામેની લડાઈ અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે જેમાં સૌ કોઈ પોતપોતાની રીતે યોગદાન આપી રહ્યાં છે. ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ પ્લેયર્સ એસોસીએશન દ્વારા શહેરમાં જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોને આ કટોકટીના સમયમાં જીવન જરૂરી કરિયાણાની નિઃશુલ્ક કીટનું વિતરણ કરતી બે સંસ્થાઓ 'યુથ ફાઉન્ડેશન' અને 'યુનિટી ઓફ ગાંધીનગર' એમ બંને સંસ્થાઓને પ્રતિ સંસ્થા રૂ. ૫ હજાર લેખે કુલ રૂ.૧૦ હજારનું દાન આપી એક પ્રેરણાત્મક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## શહેર વસાહત મહામંડળ દ્વારા થતી પક્ષી પરબની સેવા સાથે જોડાવવા જોગ

ગાંધીનગર, તા.૨

વર્ષોથી સેવા કાર્ય સાથે જોડાયેલ શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા અબોલ પક્ષીઓને પીવાના પાણીની સુવિધા પ્રાપ્ત થઈ શકે તે માટે દર વર્ષે પક્ષી પરબનું વિતરણ કરવામાં આવે છે. એક બાજુ ઉનાળાની કાળઝાળ ગરમી જેમાં પક્ષીઓનું આપણા સિવાય બીજું કોઈ નથી ત્યારે આ વર્ષે કોરોના મહામારીને પગલે ચાલી રહેલા આ લોકડાઉન અગાઉ આ પક્ષી પરબો આવી જતા શક્ય તેટલી જગ્યાએ પહોંચતી કરવામાં આવી છે. છેલ્લા ૧૫ વર્ષથી ગાંધીનગર શહેર અને અન્ય વિસ્તારોમાં પક્ષી સૃષ્ટિનું જતન કરવાના ભાગરૂપે સંસ્થા દ્વારા લગભગ ૨૦,૦૦૦ જેટલી પક્ષી પરબોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. લૉકડાઉન પૂર્ણ થયા બાદ જે નગરજનોને આ અભિયાનમાં જોડાવું હોય તેમણે પક્ષી પરબ મેળવવા માટે ચેતના બુચ સેક્ટર-૨૦, કિશોર જીકાદરા સે-૩૦, ભાનુભાઈ દવે સેક્ટર ૨ સી , નિસર્ગ બુચ સે-૨૮, જયેશભાઈ ધ્રુવ સે ૫ એ, શશીકાંતભાઈ મોઢા સે- ૪ અને સુનીલ શાહ સે-૨૪ નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.





સંસ્કાર ગ્રુપના બાળકો દ્વારા ગુજરાતના સ્થાપના દિનને ધ્યાનમાં લઈને કોરોના જનજાગૃતિ ફેલાવતા સંદેશ સાથે ચિત્ર દોરવામાં આવ્યું હતું

## અલગ-અલગ જગ્યાએથી સાથે મળીને ૧૬ કલાકારોએ ગાયુ 'ગુજરાત ગૌરવ ગાન'




ગાંધીનગર, તા.૨

એક તરફ ગુજરાત અને ભારત દેશ સહિત સમગ્ર વિશ્વ કોરોના સંક્રમણ સામે ઝઝુમી રહ્યું છે ત્યારે ગુજરાત રાજ્યના સ્થાપના દિન નિમિત્તે ગુજરાતની ગાથા વર્ણવતા 'ગૌરવ ગાન'ને ૧૬ કલાકારો દ્વારા વાચા આપવામાં આવી હતી.

કોરોનાએ આજે વિશ્વને પોતાના ભરડામાં લીધું છે ત્યારે ગુજરાત પણ પાછલા દાયકાઓમાં મચ્છુ હોનારત, સૂરતના પ્લેગ, કંડલાનું વાવાઝોડું અને કચ્છના ભૂકંપ જેવી કુદરતી આફતોનો સામનો કરી ફરી પાછુ બેઠું થયું છે. ગાંધીનગરના કવિ અંકુર શ્રીમાળીની કલમે રચાયેલ આ ગૌરવ ગાનમાં પણ આ જ પ્રકારની વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાત પણ કોરોના મહામારીને માત આપી ફરી પાછુ બેઠું થશે તે વાતનો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ ગીતનું દિગ્દર્શન ગોપાલ બારોટ દ્વારા કરવામાં આવ્યું છે. હાલ કોરોના સંક્રમણની સામે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા લૉકડાઉન વચ્ચે તમામ કલાકારો સાથે સંકલન સાધી પોતાના ઘરે રહીને જ દિગ્દર્શક ગોપાલ બારોટની સુચના અનુસાર ગુજરાત ગૌરવની વાત રજુ કરતી આ શબ્દરૂપી રચનાનું તમામ કલાકારો દ્વારા પઠન કરવામાં આવ્યુ હતું. અમદાવાદના જાણીતા કલાકારો રાજુ બારોટ, વૈભવી ભટ્ટ, પ્રશાંત બારોટ, નિસર્ગ ત્રિવેદી, રાગી જાની, મોરલી પટેલ, અલ્પના મજમુદાર, સુનીલ વાઘેલા, બિમલ ત્રિવેદી, ગોપાલ બારોટ, ભૂમિકા પટેલ, કામિની પટેલ, વૈશાખ રાઠોડ, ડિમ્પલ ઉપાધ્યાય, કામિની પંચાલ અને જય મહેતાના સહયોગથી સર્જાયેલું આ ગૌરવ ગાન પોતાના જીવનની પરવા કર્યા વિના કોરોનાની મહામારી સામે જંગે ચઢેલા અને ખડે પગે, અવિરત પોતાની ફરજ બજાવતા તબીબી સેવા સાથે સંકળાયેલા કર્મયોગી, પોલીસ જવાનો અને સફાઈ કામદાર જેવા માતૃભૂમિના સપુતોને સમર્પિત કરવામાં આવ્યું હતું.

## શેઠ સી.એમ હાઈસ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વોટ્સઅપ ક્લાસ દ્વારા શિક્ષણ




ગાંધીનગર, તા.૨

લૉકડાઉનના પગલે શાળા-કોલેજોમાં રજા જાહેર કરાઈ છે. પરંતુ ઘરે બેઠા પણ વિદ્યાર્થીઓ ભણી શકે તે માટે ઓનલાઈન ક્લાસ કે વોટ્સઅપ ક્લાસ શાળા- કૉલેજ દ્વારા લેવામાં આવી રહ્યા છે. શહેરની કડી સર્વ વિદ્યાલય સંચાલીત શેઠ.સી. એમ શાળાના ૧૧૪૧ વિદ્યાર્થીઓને લૉકડાઉન થયા બાદથી જ શાળાના આચાર્ય અને વિવિધ વિષય નિષ્ણાંતો દ્વારા વર્ગ દીઠ ગ્રુપ બનાવી ઓનલાઈન શિક્ષણઆપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત વિષય મુજબ શિક્ષકો દ્વારા યુ ટ્યૂબ વિડીયો બનાવી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

કડી સર્વ વિદ્યાલય સંચાલિત શેઠ સી.એમ શાળા દ્વારા લૉકડાઉન શરૂ થયા બાદ જ લગભગ છેલ્લા ૩૫ દિવસથી ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે ખાસ ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને JEEઅને NEET ની તૈયારીઓ કરાવવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓ પુનરાવર્તન કરી રહ્યા છે આ ઉપરાંત ડિફિકલ્ટ પ્રશ્નો પણ ગ્રુપમાં પૂછી રહ્યા છે અને વધારાનું માર્ગદર્શન શાળા શિક્ષકો દ્વારા તૈયાર કરેલ સાહિત્ય દ્વારા મેળવી રહ્યા છે. ઉપરાંત જે તે શિક્ષકોએ બનાવેલ યૂટ્યુબ વિડીયોના માધ્યમની પણ મદદ લઈ રહ્યા છે.

શાળાના આચાર્ય ડો. ચેતના બુચ દ્વારા જણાવાયું છે કે, દરેક પરીક્ષા માટે પ્રેક્ટિસ મહત્વની હોય છે JEE , NEET અને ગુજકેટના વિદ્યાર્થીઓ અત્યાર સુધી આઠ જેટલી પ્રેક્ટિસ પરીક્ષા આપી ચૂક્યા છે. જેના દ્વારા તેમનો આત્મવિશ્વાસ કેળવાય છે. આવી જ રીતે ધોરણ ૯ અને ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાતાં તેમાંથી નબળા વિદ્યાર્થીઓની અલગ બનાવીને તેમનો પાયો કાચો રહી જાય તેના સઘન પ્રયત્નો શિક્ષકગણ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

ધોરણ ૯ ના ૪૮૯ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૧ના ૩૨૫ વિદ્યાર્થીઓની વર્ક દીઠ બેચ બનાવીને નિષ્ણાંત શિક્ષકોની ટીમ દ્વારા યુ ટ્યુબ ચેનલ ડેવલપ કરીને વિવિધ વિષયોનું માર્ગદર્શન આપવામાં આવે છે. બાળકો પોતાનું હોમ વર્ક પણ ઓનલાઈન અપલોડ કરી રહ્યા છે આ બાબતમાં દરેક વાલીઓનો સહકાર સરાહનીય છે શાળાના પ્રિન્સીપાલ દ્વારા કાર્ય સાથે જોડાયેલા બી.એ પટેલ, મુકેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ, અને અન્ય દરેક શિક્ષણ ગણનો આભાર માનવામાં આવે છે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ કમળાબેન રણછોડભાઈ, ઉ.વ. ૮૪
- સ્વ. રમણભાઈ શીવાભાઈ જાદવ, ઉ.વ. ૬૯
- સ્વ. યશકુમાર પ્રદિપકુમાર પાટલે, ઉ.વ. ૮
- સ્વ. સોલંકી શકરીબેન ખોડાભાઈ, ઉ.વ. ૮૬